## આદિજાતિ વિકાસ વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા અન્વયે આદિજાતિ વિસ્તારમાં શિક્ષણના વ્યાપ માટે ભારત સરકારની પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રિક વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ યોજના

ગુજરાત રાજ્યમાં સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે આદિજાતિઓની વસ્તી ૮૯.૧૭ લાખ છે. જે રાજ્યની કુલ વસ્તીના પ્રમાણમાં ૧૪.૭૫ ટકા છે. રાજ્યની આદિજાતિ વસ્તીનો ઘણો મોટોભાગ રાજ્યની પૂર્વ સરહદ અંબાજીથી ઉમરગામ સુધીના ડુંગરાળ વિસ્તારોમાં વસે છે. આવા અંતરીયાળ વિસ્તાર વસતા આદિજાતિઓના કલ્યાણ માટેની વિવિધ પ્રવૃત્તિઓ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. કોઇ પણ સમુદાયનો વિકાસ કરવો હોય તો શિક્ષણ ઉપર સૌથી વધારે ભાર મૂકવો પડે છે. ભારતના પનોતા પુત્ર આદરણીય વડાપ્રધાનશ્રી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીના દુરંદેશીપણાને કારણે રાજ્યના આદિજાતિના વિકાસ માટે વન બંધુ કલ્યાણ યોજનાનું સોપાન શરૂ કરવામાં આવેલ જેના ઉત્તમ પરિણામો આપણને મળેલ છે. આ સફળગાથા રૂપી વનબંધુ યોજનાને ગુજરાત સરકાર દ્વારા આગળ ધપાવતા રાજ્યના આદિજાતિઓના શૈક્ષણિક વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગના બજેટનો એક મોટો હિસ્સો શિક્ષણ પાછળ વાપરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા આદિજાતિઓના શૈક્ષણિક વિકાસ માટે અંદાજપત્ર પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ બજેટમાં

શિક્ષણ માટે રૂ.૨૨૯૪ કરોડ જોગવાઈ કરેલ, જેમાં વધારો કરી વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૩૦૪૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી એક જ વર્ષમાં રૂ.૭૪૯ કરોડનો વધારો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આદિજાતિ પેટા વિસ્તાર યોજના હેઠળ આશરે વસતીને ધ્યાને રાખી આશરે ૧૪% જેટલી નાણાકિય ફાળવણી કરવામાં આવે છે. જેના થકી વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં ગુણવત્તા યુકત શિક્ષણના હેતુને પ્રાપ્ત કરવા નીચે મુજબની સિધ્ધીઓ હાસલ થયેલ છે.

- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સાક્ષરતા દરમાં સુધારો: ૨૦૦૧માં આદિવાસી સાક્ષરતા દર ૪૭.૭% હતો, જે ૨૦૧૧માં સુધારીને ૬૨.૫% થયો. રાજ્ય સાક્ષરતા દર તથા આદિવાસી વચ્ચે સાક્ષરતા દર ગેપ ૨૦૦૧માં ૨૧.૪% હતો, જે ઘટીને ૨૦૧૧માં ૧૫.૫૪% થયો.
- ડ્રોપઆઉટ રેટમાં ઘટાડો (શાળા છોડ્યાનો દર) : પ્રાથમિક શાળાએ જતા આદિજાતિના વિદ્યાર્થીઓનો ડ્રોપઆઉટ દર સન ૨૦૦૧-૦૨માં ૩૭.૨૨% હતો, ૨૦૧૮-૧૯માં ડ્રોપઆઉટ રેટ ઘટીને ૪.૪૮%.
- પંચમહાલ જિલ્લામાં ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી કાર્યરત છે.
- નર્મદા જિલ્લામાં બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની કાર્યરત છે.

આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આદિજાતિના શૈક્ષણિક વિકાસ માટે ભારત સરકારની પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓની સિદ્ધિ નીચે મુજબ છે.

પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધો. ૯ અને ૧૦માં અભ્યાસ કરતા આદિજાતિના વિધાર્થીઓને રૂ.૨.૫૦ લાખની આવક મર્યાદા ધ્યાને લઇ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૩૫.૭૨ કરોડનો ખર્ચ કરી કુલ ૧,૦૨,૭૯૭ (એક લાખ બે હજાર સાતસો સત્તાણું) વિદ્યાર્થીઓને લાભ આપેલ છે. જ્યારે વર્ષ-૨૦૨૩-૨૪માં માહે ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં રૂ.૩૧.૫૭ કરોડનો ખર્ચ કરી કુલ ૮૮,૮૮૧ (અઠ્યાસી હજાર આઠસો એક્યાસી) વિદ્યાર્થીઓને લાભ આપેલ છે. તેમજ, આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે સદર યોજના માટે રૂ.૭૮.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા આદિજાતિના ધોરણ ૧૧ અને ૧૨ તથા ઉચ્ચ અભ્યાસ કરતા વિધાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ટ્યુશન ફી, પરીક્ષા ફી, પ્રવેશ ફી તેમજ શિષ્યવૃત્તિની સહાય આપવામાં આવે છે. દર વર્ષ ૨(બે) લાખથી વધુ આદિજાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૫૨૦ કરોડની જોગવાઇ સામે ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં રૂ.૩૫૪.૦૫ કરોડનો ખર્ચ કરી કુલ ૯૮,૭૪૮ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. તેમજ

૨૩/૨૪ ૩૭૭૦ કરોડ ૨૪/૨૫ ૪૩૭૪

## આદિજાતિ વિકાસ વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા અન્વયે માહિતી

✓ આદિજાતિઓના લોકો સમાજનું અભિન્ન અંગ છે. તેઓ અન્ય વિકસિત સમાજની હરોળમાં આવી શકે તે માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહી છે. અને તે માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્ય સરકાર દ્વારા અનુસુચિત જનજાતિઓના સર્વાંગી વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂ.૪૩૭૪ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધીમાં માળખાકીય સગવડો તેમજ સામુદાયિક અને વ્યક્તિગત વિકાસના કામો કરવા માટે કુલ ૧ લાખ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક ધોરણે હાથ ધરવામાં આવતા કામો માટેની જોગવાઇમાં ૧૦૦% વધારો કરવામાં આવેલ છે.

✓ વ્યતતિલક્ષી યોજનાઓ સાથે આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય સગવડો ઉભી કરવામાં આવશે.

✓ શૈક્ષણિક અને આર્થિક વિકાસની વિવિધ યોજનાઓ થકી આદિજાતિ પરિવારોને આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાના ક્ષેત્રે લાભ આપવામાં આવશે.

✓ આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને ઈ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૭૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

✓ અંદાજે ૨ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. ૫૮૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

✓ આદિજાતિના બાળકોને અદ્યત્તન સુવિધાઓથી સજ્જ આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલ્સના નવા બાંધકામ માટે કુલ રૂ.૫૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના ૭૦ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા કુલ રૂ. ૨૬૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

✓ પ્રિ-મેટ્રિકના આશરે ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા ૧૭૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

✓ ધો.૧ થી ૮ ના બાળકોને પોષણ મળી રહે તે માટે દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધના ફ્રેટમાં વધારો કરી કુલ રૂ.303 કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા અંદાજે ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂ. ૧૨૦ કરોડની જોગવાઈ

કરવામાં આવેલ છે.

✓ અદ્યત્તન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત ૩૯૦૦ વિદ્યાથીઓ માટે રૂ.૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ ધો.૯ માં અભ્યાસ કરતી અંદાજે ૩૯ હજાર વિદ્યાર્થીનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા રૂ.૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

✓ ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત તેજસ્વી વિદ્યાથીઓને સહાય આપવા રૂ.૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

✓ રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ.૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

✓ આદિમજુથો અને હળપતિ જાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા મુખ્યમંત્રી આદિમજુથ/હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના અને CCD પ્રોજેક્ટ હેઠળ કુલ રૂ.૧૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ આદિજાતિ જિલ્લાઓમાં કાર્યરત ૫૦૦૦ થી વધુ દૂધ મંડળીઓને સોલાર રૂફટોપની સ્થાપના માટે સબસીડી આપવા માટે રૂ.૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ માનવ ગરિમા યોજના હેઠળ આદિજાતિના લોકો સ્વરોજગારી મેળવી શકે તે માટે કિટ આપવા ૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ સંકલિત ડેરી વિકાસ યોજના (IDDP) હેઠળ દૂધાળા પશુઓની યુનિટ કોસ્ટ અને સહાય મર્યાદામાં વધારો કરવા માટે રૂ.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

✓ અનુસુચિત જનજાતિના લોકોને તબીબી સહાય યોજના અંતર્ગત વિવિધ રોગોની સારવાર માટે રૂ.33 કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

*****